[ 1 ]

ઘોર અંધારામાં મધરાતે જે ભટકાયો હતો,
ભર બપોરે ગુમ થયેલો મારો પડછાયો હતો!

હાથ તેં ઊંચો કર્યો'તો આવજો કહેવા, અને,
લાલ પાલવ કોઈનો અધવચ્ચે લહેરાયો હતો !

એ ખરો ખોટો હતો, એ તો પછી સાબિત થયું,
એક જણ મૃત્યુ પછી લોકોને સમજાયો હતો !

આ અજાણ્યા શ્હેરમાં પણ ઓળખે છે સૌ મને,
એ હદે ક્યારે વગોવાયો કે પંકાયો હતો ?

જો પતંગિયું હોલવી દેતે તો દુઃખ થાતું મને,
મારો દીવો સીધો વાવાઝોડે ટકરાયો હતો !

ભીંત ફાડીને ઊગ્યો છું પીપળાની જેમ હું,
હું વળી ક્યાં કોઈના ક્યારામાં રોપાયો હતો !

પર્વતો કૂદી જનારો સ્હેજમાં ભાંગી પડ્યો,
આ વખત એ કોઈની પાંપણથી પટકાયો હતો.

હું ખલીલ, આજે મર્યો છું, એ પ્રથમ ઘટના નથી,
જિન્દગીભર હફ્તે હફ્તે રોજ ચૂકવાયો હતો !

સાદગી
પહેલો ગઝલસંગ્રહ

[ 2 ]

ક્યાં પવન પર સવાર થાવું છે,
મારે બસ સામે પાર થાવું છે.

તું જ રસ્તો ને તું જ સેતુ બન,
તારા પરથી પસાર થાવું છે.

તારી પાસે ક્યાં પામવું છે કશું,
તારી પાછળ ખુવાર થાવું છે.

તું જ આવીને પ્રેમથી ખોલે,
એ મુજબ બંધ દ્વાર થાવું છે.

કોઇના કાળજા સુધી પહોંચું,
એટલું ધારદાર થાવું છે !

તીર મારી કમાનમાં પણ છે,
તોય મારે શિકાર થાવું છે.

તોડે અથવા તિરાડ પાડી દે,
એ ગજાનો પ્રહાર થાવું છે.

એ જ તોડે રિવાજ જ્ઞાતિનો,
જેમને નાતબા'ર થાવું છે.

મોતથી દૂર ગમે ત્યાં ભાગો,
રૂબરૂ એકવાર થાવું છે.

એકડેએકમાંથી નીકળીને,
એક બે ત્રણ ને ચાર થાવું છે.

કોણ લૂંછે ખલીલ અશ્રુઓ,
કોઈને ક્યાં ઉદાર થાવું છે !

[ 3 ]

તારી સામે જે દિવસ ઝાંખો પડ્યો છું હું મને,
આયનાની રૂબરૂ જાતે લડ્યો છું હું મને.

ક્યાંક શત્રુઓ નડ્યા છે, ક્યાંક મિત્રો પણ નડ્યા,
જ્યાં કશું નડતર નહોતું ત્યાં નડ્યો છું હું મને !

જ્યાં ગુમાવો, ત્યાં જ શોધો, એ હવે સાચું પડ્યું,
આખરે તારા જ ફળિયેથી જડ્યો છું હું મને.

પાનખરમાં ને વસંતમાં ફેર શું એ જાણવા,
તમને અડકીને પછી ખુદને અડ્યો છું હું મને.

હું ખલીલ આ દિલને સાચવવામાં લૂંટાઈ ગયો,
છેલ્લાં બે ત્રણ વર્ષોમાં મોંઘો પડ્યો છું હું મને.

[ 4 ]

બેઉ કાંઠે બાથ ભરવા આવ તું,
હું નદી છું, આવ તરવા આવ તું.

માત્ર તારી હાજરી પૂરતી છે બસ,
ખાલી અમથું નામ કરવા આવ તું.

ભાર લાગે છે હવે આંખોને પણ,
આ વખત દિલમાં ઊતરવા આવ તું.

માણવી હો રોજ નવતર જિન્દગી,
મારી માફક રોજ મરવા આવ તું.

રોજ એ મળવા ખલીલ આવે છે પણ,
કોઈ દિ' કે' છે કે ફરવા આવ તું !

[ 5 ]

કોઈ આવે ને મને મારામાંથી છૂટો કરે,
કોક પંચાયત ભરીને ક્યાંક તો રસ્તો કરે.

માત્ર એક ભીનો દિલાસો ને બધું મ્હોરી ઊઠે,
કોણ આ રેતાળ આંખો ભીંજવે દરિયો કરે.

એમ ના માનો, હંમેશાં હોલવી નાખે પવન,
કોઈ દિ’ દીવાને છંછેડે અને ભડકો કરે.

શત્રુઓ પણ એવી ઊંચી જાતના શોધું છું હું,
હું પડું તો હાથ ઝાલીને મને ઊભો કરે.

જા હવે ફૂલો ચડાવી આવ શરમાવાનું શું ?
બે ઘડી છો ને કબરમાં લાશ પણ જલસો કરે.

તું અગર મારી ગઝલને ગણગણે એકાંતમાં,
ખુદ રદીફ તબલાં વગાડે, કાફિયા મુજરો કરે.

તૂટશે મંદિર કે મસ્જિદ તો તરત ઊભાં થશે,
માનવી ભાંગી પડે તો કોઈ ના બેઠો કરે.

હું ખલીલ એકાંતમાં ઝંખું છું એવા મિત્રને,
મારા અણગમતા સમયને આવીને ગમતો કરે.

[ 6 ]

મોજ મસ્તી તાજગી, મારા વિના ક્યારે હતી ?
આવી ઝાકમઝોળ આ તારી સભા ક્યારે હતી ?

આપણા કર્તવ્યમાં નક્કી કોઈ ખામી હશે,
કોઈ પણ માબાપની જૂઠી દુવા ક્યારે હતી ?

હું ય ક્યાં ફૂલોની માફક કોઈ દિ’ ખીલી શક્યો,
તું ય પણ ખુશબૂની માફક બેવફા ક્યારે હતી !

એણે શ્વાસોમાં જ વાવાઝોડું સંતાડ્યું હશે,
હા, નહિતર આવી ભારેખમ હવા ક્યારે હતી ?

સંત અથવા માફિયા માટેના છે જલસા બધા,
આપણા માટે તો આવી સરભરા ક્યારે હતી !

આંખ ભીની ના થવાની શરતે રડવાનું કહ્યું,
કોઈ પણ કાનૂનમાં આવી સજા ક્યારે હતી !

રમતાં રમતાં મેં ગુજારી છે ખલીલ આ જિન્દગી,
મારી કોરી આંખમાં ભીની વ્યથા ક્યારે હતી ?

સાદગી
પહેલો ગઝલસંગ્રહ

[ 7 ]

રોજ દીવા ને હવાની વચ્ચે રકઝક થાય છે,
સૂર્ય ઢળતાં પહેલાં અજવાળું અવાચક થાય છે!

તું રહે છે ત્યાં સુધી ભરપૂર ચોમાસું રહે,
તું ન હો એવી ક્ષણે ઝાકળની આવક થાય છે.

ભાગ્યમાં જે કંઈ થવાનું હો, ભલે થાતું રહે,
એનું શું કરવું જે ઓચિંતું અચાનક થાય છે !

ભરવસંતે કૂંપળોની આબરૂ ક્યાં સોંપવી ?
પાનખરમાં ક્યાં કોઈનું સ્નાનસૂતક થાય છે.

જોરથી ધબકે છે દિલ, નક્કી ખલીલ એ આવશે,
એનો પગરવ દિલના ધબકારાની માફક થાય છે.

[ 8 ]

અહીં લીટી ઉપર લીટી બને છે,
નવો મારગ તો ક્યાં જલદી બને છે !

પડે છે કેટલા છાલા આ પગમાં,
પછી એકાદ પગદંડી બને છે !

[ 9 ]

દૂર કોઈ ગીત મનમાં ગણગણે છે,
જો હૃદયના તાર પાછા ઝણઝણે છે.

હું ક્યાં તારી યાદમાં જાગ્યા કરું છું,
તું ય ક્યાં રાતે હવે તારા ગણે છે!

સાવ પાચનની સમસ્યા તો નથી પણ,
ભૂખ એના પેટમાં ચૂંટી ખણે છે!

બાપ ને મા પણ વિખૂટાં થઈ જવાનાં,
ઘરની વચ્ચે દીકરો ભીંતો ચણે છે!

ઓઢનારા સાત જણ ટાંપી રહ્યાં છે,
ને ખલીલ, એકાદ જણ ચાદર વણે છે.

[ 10 ]

રાતદિન, સાંજે સવારે ક્યાંય પણ હોતો નથી,
કોઈ પહેરો તુલસીક્યારે ક્યાંય પણ હોતો નથી.

તારું સરનામું બધાને એટલે આપ્યું છે મેં,
તારા ફળિયાથી વધારે ક્યાંય પણ હોતો નથી!

એમણે બસ પાંપણો ઢાળી ને હું ભાંગી પડ્યો,
આટલો આઘાત ભારે ક્યાંય પણ હોતો નથી!

આપની આ રેશમી ઘનઘોર ઝુલ્ફોની ઘટા,
છાંયડો આથી વધારે ક્યાંય પણ હોતો નથી!

તું ખલીલ આમ જ ગમે ત્યારે ગમે ત્યાં હોય છે,
જ્યારે હું શોધું છું ત્યારે ક્યાંય પણ હોતો નથી!

[ 11 ]

લે, કશા કારણ વગર પણ આંગળી અડકી ગઈ,
એમની આખી સુંવાળપ મારામાં ઊતરી ગઈ!

સાવ મોઘમમાં કહ્યું, તો પણ ગઝલ ઊઘડી ગઈ,
એક અંગત વાત મારી ક્યાંથી ક્યાં પહોંચી ગઈ!

એક દુખિયારી અભાગણ આખી શીશી પી ગઈ,
ઝેરમાં નેવું ટકા પાણી હતું, જીવી ગઈ!

માફ કર, ના બોલવાનું હું તને બોલી ગયો,
જીભને લપસી જવાની ટેવ છે, લપસી ગઈ!

ખેતરો તરસ્યાં બિચારાં ટાંપીને બેસી રહ્યાં,
ને છલોછલ વાદળી દરિયા ઉપર વરસી ગઈ!

યાર, આ મોટાપણાનો ભાર લાગે છે હવે,
ઠાવકા બનવામાં આખી મોજ ગઈ મસ્તી ગઈ!

હું ગમે તેને ગળે વળગાડતો ફરતો હતો,
ઠોકરો ખાધા પછી એ આદતો છૂટી ગઈ!

મેં ખલીલ, એનો ખુલાસો ના કર્યો સારું કર્યું,
એ બધી મારા વિશે અફવા હતી બેસી ગઈ!

[ 12 ]

આંખમાં તણખા જ આંજીને ફરું છું,
રોજ હું વંટોળિયાને નોતરું છું!

આમ લાગે કે હું છબછબિયાં કરું છું,
પણ અમસ્તો ઝાંઝવાને છેતરું છું!

પાનખરના કાન ભંભેરે હવાઓ,
હું હજી પણ ડાળખી પર ફરફરું છું!

સાવ નોંધારી રઝળતી આફતોને,
જ્યાં મળે ત્યાં મારું સરનામું ધરું છું!

પણ ખલીલ, એ રાત શું ગુજરી હતી,
યાદ આવે છે, હજી પણ થરથરું છું!

[ 13 ]

તારે માથે ક્યાં ચણોઠી કે ચણાનો ભાર છે,
સાવ ખાલીખમ છે તું, ખાલીપણાનો ભાર છે!

આમ આખા વૃક્ષ પર એક્કેય પારેવું નથી,
આમ નાજુક એક ડાળી પર ઘણાનો ભાર છે!

એક ખુદ મારી સમસ્યા, એક તારી પણ ખરી,
એક દિલ છે, એક દિલ પર બે જણાનો ભાર છે!

કોઇને ડામચિયું આખું પણ ઢબૂરી ના શકે,
કોઇને ફાટેલી ચાદરનોય ક્યાં આધાર છે!

મેં ખલીલ, ઇચ્છા કશી બાકી નથી રાખી છતાં,
ક્યાંક માથા પર અજાણી એષણાનો ભાર છે!

[ 14 ]

કઈ તરફની છે હવા જોતા રહો,
પેલી ફરફરતી ધજા જોતા રહો.

જો પણે ત્રિભેટે ટોળું હચમચે,
શું ઇરાદો છે જરા જોતા રહો!

ભાંજગડમાં કોઇની પડશો નહિ,
શું કરે છે એ બધા જોતા રહો!

કોઇની ખોટી ખુશામત ના કરો,
માનવી બનશે ખુદા, જોતા રહો!

ફૂલ સ્પર્શી ના શકો તો કંઈ નહિ,
જોવું, એ પણ છે મજા જોતા રહો!

દુશ્મનો વચ્ચે ઊભા એ કોણ છે?
હોય એ શાયદ સગા જોતા રહો!

લોક જો ને ક્યાંથી ક્યાં પહોંચી ગયા,
આપણે બસ ગા લ ગા જોતા રહો.

હું ખલીલ, આજે ફરી જીવી ગયો,
કોણ માગે છે દુવા જોતા રહો!

સાદગી
પહેલો ગઝલસંગ્રહ

[ 15 ]

આંખની દિલ પર અસર પ્હોંચી ગઈ,
આમ ક્યાંથી ક્યાં નજર પ્હોંચી ગઈ!

ફૂલ જંગલમાંથી મેં ચૂંટ્યું હતું,
શ્હેરમાં ક્યાંથી ખબર પ્હોંચી ગઈ!

પર્વતે પૂછ્યું અમસ્તું કેમ છો?
ને તળેટી ટોચ પર પ્હોંચી ગઈ!

સાચને વેળાકવેળા થાય છે,
જૂઠ કાયમ વેળાસર પ્હોંચી ગઈ!

એક બે કૂંપળ હજી ફૂટી હતી,
એટલામાં પાનખર પ્હોંચી ગઈ.

ક્યાંક રણ વચ્ચે હરણ તરસ્યું થયું,
ઝાંઝવાને ઝટ ખબર પ્હોંચી ગઈ!

ને ખલીલ, અફવાઓ જ્યાં ને ત્યાં બધે,
નામ સરનામા વગર પ્હોંચી ગઈ.

[ 16 ]

લય વગર, શબ્દો વગર, મત્લા વગર,
હું ગઝલ લખતો રહ્યો સમજ્યા વગર!

તેં તો તારો છાંયડો આપ્યો મને,
હું જ ના જંપી શક્યો તડકા વગર!

કેદ છું, ભીંતો વગરના ઘરમાં હું,
સંતરી ઊભો છે દરવાજા વગર!

સરહદો સૂની હશે તો ચાલશે,
શ્હેરમાં ચાલે નહિ પ્હેરા વગર.

મોરને કો' બાજપક્ષી લઈ ગયું,
સીમ સૂની થઈ ગઈ ટહુકા વગર.

કોક દિ' દીવો પવન સામે ધરો,
કોક દિ' ચલવી લો અજવાળા વગર.

હું ખલીલ ઇચ્છા મુજબ પામ્યો નથી,
જે મળ્યું છે તે મળ્યું ઇચ્છા વગર.

[ 17 ]

ક્યાં કશું તારું જ ધારેલું મળ્યું છે?
સાત પાણીએ નીતારેલું મળ્યું છે.

તું હવે સેનાપતિ તો થઇ ગયો છે,
પણ તને લશ્કર તો હારેલું મળ્યું છે.

[ 18 ]

તારું તો ફક્ત થોડુંઘણું પીઠબળ હતું,
મારી તમામ છાતી ઉપર પાયદળ હતું.

હત્યા કે આત્મહત્યા, અકસ્માત, માંદગી,
મૃત્યુને હાથવેંતમાં કારણ સબળ હતું.

જીવનમાં તારો સાથ મળ્યો જ્યાં સુધી મને,
આ આયખામાં એટલું જીવન સફળ હતું.

કાલે બપોરે છાંયડા હાંફી ગયા હતા,
તડકે મૂકેલ આખું નગર કળ-વિકળ હતું.

એની ખલીલ ! આંખ તો પરખાઈ ગઈ હતી,
ભીતર હજી અજાણ્યું હતું, મન અકળ હતું.

## સાદગી

પહેલો ગઝલસંગ્રહ

[ 19 ]

તું ડગ ભરવાની હિંમત કર, ઊતરતા ઢાળ જેવો છું,
મનાવી લે મને, હું સાવ નાના બાળ જેવો છું.

આ દરિયાની ગહનતા માપવાનું સાવ છોડી દે,
તું મારામાં ઊતર, હું સાતમા પાતાળ જેવો છું.

મને માણી જો પારાવાર શીતળતાના સંદર્ભે,
હું કડવો છું પરંતુ લીમડાની ડાળ જેવો છું.

તમારા આરા-ઓવારા બધા છે મારી મુઠ્ઠીમાં,
સરોવર છો તમે તો હું સરોવર પાળ જેવો છું.

હવે ભાષાભવનના સૌ કુબેરોને કહી દેજો,
તમે છો શબ્દભંડારી તો હું ટંકશાળ જેવો છું.

અમારું સાથે રહેવું એકબીજાની જરૂરત છે,
ખલીલ એ છે સરોવર, હું સરોવર પાળ જેવો છું.

[ 20 ]

આમ છંદોલયની પણ શાયદ ખબર પડશે તને,
એક અક્ષર પણ કરી જો રદ ખબર પડશે તને.

લટ ઘટા ઘનઘોર ચ્હેરા પર વિખેરી નાખ તું,
પોષ સુદ પૂનમ કે શ્રાવણ વદ ખબર પડશે તને.

ઓળખી લે બંને બાજુથી રણકતા ઢોલને,
આપણામાં કોણ છે નારદ ખબર પડશે તને.

તું ફક્ત તારો જ માહિતગાર થઈ જા, એ પછી,
બાઇબલ, કુર્આન, ઉપનિષદ ખબર પડશે તને.

ભરબપોરે તું કદી માપી જો તારો છાંયડો,
કેટલું ઊંચું છે તારું કદ ખબર પડશે તને.

કોણ સમજ્યું છે ખરેખર જિન્દગીના રૂપને,
તું વિચારી જો કશું અદબદ ખબર પડશે તને.

તું ખલીલ ! અજવાળું પૂરું થાય ત્યાં અટકી જજે,
ક્યાંથી લાગી મારા ઘરની હદ ખબર પડશે તને.